# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-06-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતી વકિલ** વાંચે છે.

---

## વિશ્વ પર્યાવરણ દિવસ : P.M. દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી **આજે** વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નવી દિલ્હીના ભગવાન મહાવીર વનસ્થલી પાર્ક ખાતે એક ખાસ વૃક્ષારોપણ અભિયાન શરૂ કરશે. પ્રધાનમંત્રી એક પેડ મા કે નામ પહેલ હેઠળ વડનું વૃક્ષ વાવશે. પ્રધાનમંત્રી દિલ્હી સરકારની ટકાઉ પરિવહન પહેલ હેઠળ 200 ઇલેક્ટ્રિક બસોને પણ લીલી ઝંડી આપશે.

**------------------------------------------------------------------------------------------**

## વિશ્વ પર્યાવરણ દિવસ : C.M. ગાંધીનગર

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગરમાં રાજ્યકક્ષાનો વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી સમારોહ યોજાશે. મહાત્મા મંદિર ખાતે બપોરે યોજાનારા સમારોહમાં વન અને પર્યાવરણ મંત્રી મુળૂભાઈ બેરા, વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

**------------------------------------------------------------------------------------------**

## વિશ્વ પર્યાવરણ દિવસ : કચ્છ ઉજવણી

આજે ૫ જુને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે કચ્છના વનતંત્રના વડા સંદીપકુમારના નેતૃત્વ હેઠળ પર્યાવરણ ક્ષેત્રે વિવિધ રેન્જોમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું છે. પ્લાસ્ટિકથી થતા નુકસાન વિશે લોકોમા જાગૃતિ આવે તથા જીવન પ્લાસ્ટિકમુક્ત બનાવી પૃથ્વીને પ્લાસ્ટિકનાં પ્રદૂષણથી બચાવવાનું લક્ષ્ય છે. વન વિભાગ દ્વારા તમામ

ડિપાર્ટમેન્ટને રોપા પૂરા પાડવાના તેમજ તમામ વૃક્ષોનું મહત્ત્વ સમજાવી કચ્છ જિલ્લામા ગ્રીન વિસ્તારમાં વધારો થાય તથા ગ્લોબલ વોર્મિંગને અટકાવી શકાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તેવું જણાવાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આવનારા ટૂંક સમયમાં ઓપરેશન સિંદૂરની થીમ આધારિત ભુજમાં સિંદૂરવન ઊભું કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.ત્યારે  કચ્છની 15 નર્સરીઓમાં ચાલુ વર્ષે 20 લાખ રોપા તૈયાર કરવામાં આવ્યા છે અને ચોમાસાં પહેલાં એટલે કે 15 જૂન પછી નાગરિકોને રોપા વિતરિત કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## સંસદ ચોમાસું સત્ર

સંસદનું ચોમાસુ સત્ર ૨૧ જુલાઈથી શરૂ થશે. સરકારે ગઇકાલે આ જાહેરાત કરી. અગાઉ, વિરોધ પક્ષોએ ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માટે સંસદનું ખાસ સત્ર બોલાવવાની માંગ કરી હતી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ નવી દિલ્હીમાં જણાવ્યું હતું કે આ સત્ર ૧૨ ઓગસ્ટ સુધી ચાલશે. ઓપરેશન સિંદૂર પછી આ પહેલું સંસદ સત્ર હશે.

---------------------------------------------------------------------------------------

## બેંગલુરૂં : IPL વિજયપરેડ દુર્ઘટના

બેંગલુરુના ચિન્નાસ્વામી સ્ટેડિયમ નજીક થયેલી ભાગદોડમાં સાત લોકોના મોત બાદ રોયલ ચેલેન્જર્સ બેંગ્લુંરુની પ્રથમ **IPL** જીતની ઉજવણી દુ:ખદ બની ગઈ. આ ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. હજારો પ્રશંસકોએ વિવિધ દરવાજાઓ થી સ્ટેડિયમમાં ઉતાવળમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો ત્યારે ભાગદોડ થઈ હતી. ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કર્ણાટક સરકારે સુરક્ષા ને ધ્યાને રાખીને વિધાન સૌધાથી ચિન્નાસ્વામી ક્રિકેટ સ્ટેડિયમ સુધીની વિજય પરેડ રદ કરી હતી.

---------------------------------------------------------------------------------------

## કચ્છ : કોરોના

રાજ્યની સાથે કચ્છમાં પણ કોરોના સંક્રમણ વધી રહ્યું છે. ગઇકાલે જિલ્લામાં સતત બીજા દિવસે ચાર લોકો કોરોના સંક્રમિત થતાં કચ્છમાં કાલે નોંધાયેલા પોઝિટિવ કેસનો આંક 17 પર પહોંચ્યો છે. ગઇકાલે નોંધાયેલા તમામ કેસમાં દર્દીઓને હોમ આઈસોલેશનમાં રખાયા છે. રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. કેશવકુમારે વિગતો આપતાં કહ્યું કે, નોંધાયેલા ચારમાંથી બે કેસ ભુજ શહેરમાં નોંધાયા છે, તો એક-એક કેસ માંડવી અને ગાંધીધામમાં નોધાયો છે. જોકે, કુલ નોંધાયેલા 17 પૈકી ચાર લોકોનો ક્વોરેન્ટાઈન સમયગાળો પૂર્ણ થતાં તેઓ કોરનામુક્ત થતાં હવે જિલ્લામાં સક્રિય કેસનો આંક 13 થયો છે. આરોગ્ય વિભાગ દ્વારા જેમને શરદી, તાવ જેવા લક્ષણ દેખાય તેમને માસ્કનો ઉપયોગ કરવા અને ભીડભાડવાળાં સ્થળે જવાનું ટાળવાની સૂચના આપવામાં આવી છે.

---

## P.M. અને ઓસ્ટ્રેલિયા મંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના નાયબ પ્રધાનમંત્રી અને સંરક્ષણમંત્રી રિચાર્ડ માર્લ્સે ગઇકાલે ભારત-ઓસ્ટ્રેલિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે ચર્ચા કરી. ઓસ્ટ્રેલિયાના નાયબ પ્રધાનમંત્રી ગઇકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા અને સરહદ પાર આતંકવાદ સામે ભારતની લડાઈમાં પોતાનો ટેકો વ્યક્ત કર્યો.

પ્રધાનમંત્રી મોદીએ ઓસ્ટ્રેલિયામાં યોજાયેલી ચૂંટણીમાં લેબર પાર્ટીની ઐતિહાસિક જીત બદલ શ્રી માર્લ્સને અભિનંદન આપ્યા. તેમણે આ વર્ષના અંતમાં ભારતમાં યોજાનારી વાર્ષિક સમિટ માટે ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીસને પણ આમંત્રણ આપ્યું.

---

## વસતી ગણતરી-2027

સરકારે જાતિ વસ્તી ગણતરી સાથે બે તબક્કામાં વસ્તી ગણતરી-૨૦૨૭ હાથ ધરવાનો નિર્ણય લીધો છે. પ્રથમ તબક્કો ૧ ઓક્ટોબર, ૨૦૨૬ થી જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ,

ઉત્તરાખંડ અને લદ્દાખના પર્વતીય અને બરફીલા વિસ્તારોમાં યોજાશે. બીજો તબક્કો ૧ માર્ચ, ૨૦૨૭ થી દેશના અન્ય ભાગોને આવરી લેતા હાથ ધરવામાં આવશે. છેલ્લી વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧ માં બે તબક્કામાં હાથ ધરવામાં આવી હતી. પ્રથમ તબક્કો ઘરોની યાદી બનાવવાનો હતો અને બીજો તબક્કો વસ્તી ગણતરીનો હતો.

---------------------------------------------------------------------------------------------------